**Audit Committee of the Board (ACB)**

**ઓડીટ કમિટીએ બોર્ડની એક ખુબજ અગત્યની કમિટી છે. રિઝર્વ બેન્ક આ કમિટીને ખુબજ મહત્વ આપે છે. પરંતુ મોટા ભાગની બેંકોમાં આ કમિટીની રચના અને તેના દ્વારા કરવાના અગત્યના કર્યો પર વિશેષ ધ્યાન આપવામાં આવતું નથી. આ આર્ટિકલ દ્વારા ઓડિટ કમિટીએ કરવાના અગત્યના કાર્યો વિષે માહિતી આપવામાં આવી છે. આશા રાખીએ છીએ કે દરેક બેન્કને પોતાની બેન્કમાં ઓડિટ કમિટી અસરકારક બની રહે તે માટે આ માહિતી ઉપયોગી થઇ પડશે.**

**1.** રચના:

- દરેક UCB એ બોર્ડ સ્તરે Audit Committee રચવી ફરજિયાત છે.
- સમિતિમાં એક અધ્યક્ષ અને 3 અથવા 4 ડિરેક્ટર હોવા જોઈએ.
- ઓછામાં ઓછો એક ડિરેક્ટર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા મેનેજમેન્ટ/ફાઇનાન્સ/એકાઉન્ટિંગ/ઓડિટ ક્ષેત્રનો અનુભવ ધરાવતા હોવો જોઈએ.

**2.** **મુખ્ય હેતુ:** **ઓડીટ કમિટીના મુખ્ય હેતુ નીચે મુજબ છે.**

a. **બેંકમાં વિવિધ પ્રકારના ઑડિટના સ્કોપ નક્કી કરવા, અને ઓડિટ સિસ્ટમનું મોનીટરીંગ કરવું.**

b. **મજબૂત આંતરિક નિયંત્રણ (To strengthen Internal Control)**

c. **પારદર્શિતા અને જવાબદારી (greater transparency in the bank's accounts and adequacy of accounting controls.)**

d. **નિયમનકારી પાલન (To ensure Statutory and Regulatory Complaince)**

e. **જોખમ સંચાલન (Risk Management)**

f. **બેંકની નાણાકીય સ્થિરતા અને પ્રતિષ્ઠા જાળવવી**

A) આંતરિક ઓડિટ અને નિરીક્ષણ પ્રણાલીને માર્ગદર્શન આપવું અને દેખરેખ રાખવી (Monitoring).

Audit Committee of the Board (ACB) નો મુખ્ય હેતુ બેંકમાં **મજબૂત, સ્વતંત્ર અને અસરકારક આંતરિક ઓડિટ સિસ્ટમ** સ્થાપિત કરવી અને તેની સતત દેખરેખ (Review and upgrade) રાખવી છે. નીચે તેની વિસ્તૃત સમજ આપવામાં આવી છે:

**i)** **ઓડિટ કમિટીની મુખ્ય ભૂમિકા નીચેની બાબતો પર માર્ગદર્શન (Direction)** આપવાની છે.

**a)** **ઓડિટ પોલિસી અને ફ્રેમવર્ક મંજૂર** કરવું

- Policy on Internal Audit, Risk Based Internal Audit (RBIA) Framework મંજૂર કરવું

- ઓડિટ મેન્યુઅલ અને SOP (Standard Operating Procedures)ની સમીક્ષા કરવી
- Audit Universe અને Risk Mapping નક્કી કરવું

**બેન્કની વિવિધ શાખાઓ, હેડ ઓફિસના જુદા જુદા વિભાગો જેવાકે ક્રેડીટ, ઇન્વેસ્ટમેન્ટ, એચ આર, સિસ્ટમ /પ્રોસિઝર વગેરે જેનું ઓડિટ કરાવવું જરૂરી છે તે નક્કી કરવું તેને Audit Universe or Scop of audit** (ઓડિટના વ્યાપ) **કહે છે.**

સરળ શબ્દોમાં:
"બેંકમાં જે કંઈ ઓડિટ થઈ શકે તે બધાનો સમૂહ" એટલે Audit Universe.

**Audit Universeમાં સામાન્ય રીતે નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

- તમામ શાખાઓ (Small, Medium, Large, Extra Large)
- Head Office Departments (Credit, Treasury, IT, HR, Accounts, Compliance)
- Products (Loans, Deposits, Gold Loans, ATM Operations, Digital Banking)
- Processes (KYC, AML, Fund Management, Reconciliation)
- Regulatory Reporting (RBI Returns, CRR/SLR, FIU Reporting)
- IT Systems & Cyber Security

**Audit Universe નક્કી કરવાનો હેતુ**

✓ ઓડિટ કવરેજ સંપૂર્ણ રહે
✓ કોઈ મહત્વનો વિભાગ છૂટી ન જાય
✓ Risk Based Internal Audit (RBIA) માટે આધાર તૈયાર થાય
✓ વાર્ષિક ઓડિટ પ્લાન બનાવવામાં સહાય મળે

**(b) વાર્ષિક ઓડિટ પ્લાન મંજૂરી**

- વર્ષ દરમિયાન કેટલી શાખાઓ / વિભાગોનું ઓડિટ કરવાનું છે તે નક્કી કરવું
- High Risk અને Large Branchesને પ્રાથમિકતા આપવી
- ઓડિટ કમિટીએ રેગ્યુલર ઓડિટ ઉપરાંત જરૂર હોય ત્યાં નીચે મુજબ ના ખાસ ઓડિટનું પણ આયોજન કરાવવું જોઈએ અને તે માટે માર્ગદર્શિકા આપવી જોઈએ. ખાસ કરીને જયારે
  ✓ RBI દ્વારા નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હોય
  ✓ કોઈ ખાસ પ્રકારનું Fraud સામે આવેલ હોય

✓ Internal Audit દરમિયાન એક જ પ્રકારની ઉણપો ઘણી શાખાઓમાં જોવા મળેલ હોય

ઉદાહરણ

**KYC / AML Compliance Audit, Gold Loan LTV Compliance Audit, Large Exposure / Single Borrower Limit Audit, HO-Branch Reconciliation Audit, Cyber Security / IT Control Audit, Unclaimed Deposits & DEA Fund Compliance Audit, Interest Calculation Accuracy Audit (Income Leakage audit)**

**(C) ઓડિટની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી**

- Head of the Internal Audit સીધો ACB / Boardને રિપોર્ટ કરે તે સુનિશ્ચિત કરવું
- Head of the Internal Auditને મેનેજમેન્ટથી સ્વતંત્ર કાર્ય કરવાની છૂટ હોય તે ઓડિટ કમિટીએ સુનિશ્ચિત કરવું
- Conflict of Interest ટાળવો, એટલે કે ઓડિટ હેડ ને અન્ય કોઈ ઓપરેશનલ કાર્ય કરવાની જવાબદારી આપવી નહિ

**d) દેખરેખ (Oversight) રાખવાની જવાબદારી**

**(i) ઓડિટ રિપોર્ટની સમીક્ષા**

- દરેક ઓડિટ રિપોર્ટમાં દર્શાવેલ અનિયમિતતાઓનું વિશ્લેષણ કરવું.
- Major / Critical Observations પર ખાસ ધ્યાન રાખવું
- Fraud, Misappropriation, Theft જેવા કેસોની વિગતવાર સમીક્ષા કરવી

**(ii) અનુસરણ (Follow-up Mechanism)**

- અગાઉના ઓડિટ રિપોર્ટમાં દર્શાવેલ મુદ્દાઓ બંધ થયા કે નહીં તેની ચકાસણી કરવી
- Pending Compliance મુદ્દાઓ પર સમયમર્યાદા નક્કી કરવી
- "Unsatisfactory" શાખાઓ પર ખાસ મોનિટરિંગ કરવું

**(iii) સિસ્ટમ અને નિયંત્રણોની અસરકારકતા** નક્કી કરવી

- GL Balancing, HO-Branch Reconciliation
- KYC / AML પાલન
- Exposure Norms પાલન
- IT & Cyber Security Controls

- Data Encryption અને Customer Critical Data સુરક્ષા

**iv) ગુણવત્તા નિયંત્રણ (Quality Assurance)**

- Audit Staffની તાલીમ અને કાબેલિયતનું મૂલ્યાંકન
- Peer Review / External Quality Review
- Audit Coverage અને Reporting Timeliness ચકાસવું

**B) જોખમ આધારિત અભિગમ (Risk Based Approach)**

- High Risk Accounts / SMA / Overdues પર ખાસ ધ્યાન
- Unsecured Loans અને Large Exposure Review
- Early Warning Signals (EWS)નું મૂલ્યાંકન
- Risk Mitigation Plan (RMP)ની સમીક્ષા

C) બોર્ડને અહેવાલ **(Reporting to Board)**

ACBએ દર ત્રિમાસિક બોર્ડ સમક્ષ નીચે મુજબની માહિતી રજૂ કરવી:

- કુલ ઓડિટ થયેલ શાખાઓ
- ગંભીર અનિયમિતતાઓ
- Fraud કેસોની સ્થિતિ
- RBI Inspection Compliance
- અન્ય ઑડિટ જેવાકે સ્ટેચ્યુટરી ઑડિટ  કે ઇન્સ્પેકશન નું કોમ્પ્લાયન્સ
- Pending Issues અને Corrective Action Plan
- Risk Areas અને Mitigation Strategy

D) RBI દ્વારા જારી માર્ગદર્શિકાઓના અમલની સમીક્ષા કરીને દર ત્રિમાસિક બોર્ડને અહેવાલ આપવો.

**RBI માર્ગદર્શિકાઓના અમલની ત્રિમાસિક સમીક્ષા**

Audit Committee એ ખાતરી કરવી કે બેંકમાં RBIના તમામ Circulars, Directions અને Master Guidelinesનો સમયસર અને યોગ્ય અમલ થાય.

**(i) Compliance Register જાળવવું**

- RBI Circular મળ્યા બાદ Compliance Department દ્વારા નોંધણી.
- જવાબદાર વિભાગ નક્કી કરવો.
- અમલની સમયમર્યાદા (Timeline) નક્કી કરવી.

**(ii) ત્રિમાસિક સમીક્ષા પ્રક્રિયા**

- દર ત્રણ મહિને ACB સમક્ષ નીચેની વિગતો રજુ થવી જોઈએ:
- નવા RBI Circulars ની યાદી.
- અમલ થયેલ માર્ગદર્શિકાઓની સ્થિતિ (Complied / Pending).
- બાકી મુદ્દાઓ અને કારણો.
- જોખમ મૂલ્યાંકન (Risk Impact).
- સુધારાત્મક પગલાં (Corrective Action Plan).

**iii) ખાસ ધ્યાન આપવાના ક્ષેત્રો**

- CRR / SLR પાલન
- Exposure Norms
- KYC / AML Guidelines
- Prudential Norms
- IT & Cyber Security Directions
- Inspection Observations & Compliance

**E) મુખ્ય જવાબદારીઓ:**

1. સમગ્ર ઓડિટ કાર્ય પર દેખરેખ (આંતરિક ઓડિટ, સ્ટેટ્યુટરી ઓડિટ, RBI ઇન્સ્પેક્શન વગેરે).
2. આંતરિક નિરીક્ષણ/ઓડિટની અસરકારકતા અને ગુણવત્તાની સમીક્ષા.
3. ખાસ ધ્યાન આપવા જેવી બાબતો:
    - અસંતોષકારક અને એક્સ્ટ્રા લાર્જ બ્રાન્ચો

- ઇન્ટર-બ્રાન્ચ એડજસ્ટમેન્ટ ખાતાઓ
- લાંબા સમયથી (more than six months) બાકી રહેલ એન્ટ્રીઓ
- છેતરપિંડી (Frauds)
- અન્ય હાઉસકીપિંગ મુદ્દાઓ

4. સ્ટેટ્યુટરી ઓડિટ, કનકરન્ટ ઓડિટ અને RBI ઇન્સ્પેક્શન રિપોર્ટ નું બરાબર પાલન કરાવવું
5. ગંભીર છેતરપિંડી/ગડબડી શોધવામાં આંતરિક નિરીક્ષણ અધિકારીઓ (Internal Inspectors) ની નિષ્ફળતા કે ભૂલની તપાસ.
6. બેંકની એકાઉન્ટિંગ નીતિઓ અને સિસ્ટમની આવર્તિત (periodical) સમીક્ષા – પારદર્શિતા અને નિયંત્રણ સુનિશ્ચિત કરવા.